કોરોના વાયરસ (COVID-19) અન્વયે રાજ્યની તમામ શાળાઓ માટે સૂચનાઓ બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૨૦/૮૭/છ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ ૨૪/03/૨૦૨૦

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગના તારીખ ૨૧/૦૯/૨૦૧૯નું જાહેરનામા ક્રમાંક : પીઆરઈ/૧૨૨૦૧૯/ સિંગલ ફાઇલ-૫/ક.

(૨) શિક્ષણ વિભાગનો તારીખ ૦૪/૦૨/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૩) શિક્ષણ વિભાગના તારીખ ૧૫/03/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક : પરચ/૧૧૨૦૨૦/ ૫૫૧/વ.૨.

(૪) શિક્ષણ વિભાગના તારીખ ૨૧/03/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક : પરચ/૧૧૨૦૨૦/ ૫૫૧(૨)/વ.૨.

ઠરાવ:

શિક્ષણ વિભાગના તારીખ ૨૧/૦૯/૨૦૧૯ના સંદર્ભ (૧)ના જાહેરનામાથી બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૦૯ની કલમ ૨૪માં (h) થી (i) સુધીની જોગવાઇઓ ઉમેરવામાં આવેલ છે. ત્યારબાદ શિક્ષણ વિભાગના તારીખ ૦૪/૦૨/૨૦૨૦ના સંદર્ભ (૨) હેઠળના ઠરાવથી રાજ્યની પ્રાથમિક તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવું શૈક્ષણિક વર્ષ એપ્રિલ માસથી શરૂ કરવાનું ઠરાવવામાં આવેલ છે. પરંતુ, હાલમાં નોવલ કોરોના વાયરસ (COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે તે સંદર્ભમાં શિક્ષણ વિભાગના સંદર્ભ (3) અને (૪)ના જાહેરનામાઓથી જરૂરી સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને તાજેતરમાં નોવલ કોરોના વાયરસ (COVID-19)નાં સંક્રમણને કારણે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નીચે મુજબની સૂચનાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) વર્ષ ૨૦૧૯-૨૦ના ચાલુ વર્ષે અભ્યાસ કરતાં ધોરણ- ૧ થી ૮, ધોરણ-૯ અને ધોરણ-૧૧ના તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી પાસ જાહેર કરીને આગળના ધોરણમાં લઇ જવાના રહેશે.

બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૦૯ની કલમ ૩૮ હેઠળ મળેલ સત્તાની રૂએ પ્રસિદ્ધ કરવામાં આવેલ તારીખ ૨૧/૦૯/૨૦૧૯ના સંદર્ભ (૪) હેઠળના જાહેરનામાનો અમલ આ વર્ષે એટલે કે વર્ષ ૨૦૧૯-૨૦માં મોકૂફ રાખવામાં આવે છે પરંતુ, આ જાહેરનામાની જોગવાઇઓનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૦-૨૧ થી કરવાનો રહેશે.

(૨) શિક્ષણ વિભાગ દ્વારા તારીખ ૦૪/૦૨/૨૦૨૦ના ઠરાવથી તમામ શાળાઓમાં નવું શૈક્ષણિક વર્ષ એપ્રિલ માસથી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. પરંતુ, સાંપ્રત વૈશ્વિક કોરોના મહામારીની સમસ્યાને કારણે નવું શૈક્ષણિક વર્ષ અગાઉ મુજબ અર્થાત ઉનાળું વેકેશન પૂરૂ થયેથી શરૂ કરવાનું રહેશે. તારીખ ૦૪/૦૨/૨૦૨૦ના ઠરાવથી નિયત કરવામાં આવેલ નવું શૈક્ષણિક વર્ષ એપ્રિલ માસથી શરૂ કરવાની બાબત આગામી વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૧-૨૨થી લાગુ કરવાની રહેશે.

(૩) કોરોના વાયરસ (COVID-19)નાં સંક્રમણથી ઉત્પન્ન થયેલ વૈશ્વિક મહામારીને નિયંત્રિત કરવા માટે રાજ્ય સરકાર તથા સ્થાનિક તંત્ર દ્વારા રાજ્યની સરકારી અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી/અધિકારીઓ પૈકી જે કર્મચારી/અધિકારીઓને કોઇ કામગીરી સોંપવામાં આવેલ ન હોય તેવા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી/અધિકારીઓએ શાળાએ આવવાનું રહેશે નહીં. પરંતુ રાજ્ય સરકાર અને/અથવા સ્થાનિક સત્તાતંત્ર દ્વારા કોઇપણ કામગીરી સોંપવામાં આવે તો તેના અનુસંધાને રાજ્ય સરકાર અને/અથવા સ્થાનિક સત્તાતંત્ર દ્વારા આપવામાં આવતી તમામ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) ખાનગી શાળાઓ (સ્વનિર્ભર શાળાઓ)ના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓને શાળાએ જવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

(૫) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના નિયંત્રણ હેઠળની સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ તથા સ્વનિર્ભર શાળાઓએ તથા તે શાળાનાં શિક્ષકોએ નવા શૈક્ષણિક વર્ષ માટે ઉક્ત કચેરીઓ દ્વારા નક્કી કરવામાં આવનાર શૈક્ષણિક કેલેન્ડરની સૂચનાઓનું અવશ્યપણે પાલન કરવાનું

(૬) ઉક્ત તમામ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા અંગેની તમામ આનુષાંગિક કાર્યવાહી નિયામકશ્રી, શાળાઓની કચેરી, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જે.એમ.મિરાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી).
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા.શિ. અને મા.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- શિક્ષણ વિભાગ હસ્તકની ખાતાના વડાની કચેરીઓ.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ મારફત)
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત).
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઈટ ઉપર Upload કરવાની વિનંતી સહ.).
- શાખા સીલેક્ટ ફાઈલ.

જા.નં. - પ૨૩-માધ્ય.-૨૦૨૦ /૯૯૧૩
તા: ૨૫/૦૩/૨૦૨૦

પ્રતિ, જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

• જાણ તેમજ તાત્કાલિક તથા આનુષાંગિક કાર્યવાહી કરવા સારું.

નાયબ નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા., ગાંધીનગર

3 Pages

Scanned with CamScanner